Jhagadia Industries Directory 2026
Boost Your Business Visibility
Directory Publishing - June 2026
Early Booking = Premium Placement
Don't Miss First 20 Pages Advantage
Full Page 10,000/-
Half Page 6,500/-
Quarter Page 4,000/-
Jigar Publications
+91 99989 80519
jhagadiaindustries@gmail.com

# બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
# BIRD VIEW OF INDUSTRIES

તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)

VOLUME : 18 ISSUE : 04 DATE: 16- 05 -2026 (વિક્રમ સંવત ૨૦૮૨ વૈશાખ વદ અમાસ) PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: G2/RNP/BCH/126/2024-2026

## દહેજ PCPIR માં જાગેશ્વર ખાતે નૌયાન શીપયાર્ડની લોક પર્યાવરણ સુનાવણી યોજાઈ ગઈ

# ૧૪૬૫ કરોડના ખર્ચે વિસ્તરણ કરવામાં આવશે





તારીખ ૧૫ મી મેં ના રોજ ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના જાગેશ્વર ખાતે આવેલ નૌયાન શીપયાર્ડ પ્રાઈવેટ લિમિટેડની લોક પર્યાવરણ સુનવણી યોજાઈ ગઈ. જેમાં ખુબ મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો અને પોતાના પ્રશ્નોની રજુઆત કરી. કેટલાક લૅન્ડલુઝર્સોએ નારાજગી વ્યક્ત કરી સુનાવણીનો બહિષ્કાર કરી સ્થળ છોડી જતા રહ્યા હતા.

આ લોક પર્યાવરણ સુનાવણી નાયબ કલેક્ટર અને ડિવીઝનલ મેજિસ્ટ્રેટ એમ .એન. માનાણીની અધ્યક્ષતામાં તેનું સંચાલન જીપીસીબી ના પ્રાદેશિક અધિકારી કે.એન . વાઘમશી દ્વારા કરવામાં આવ્યું હતું.

નૌયાન શીપયાર્ડ પ્રાઈવેટ લિમિટેડ કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની સ્ટેપ ડાઉન સંપૂર્ણ માલિકીની પેટ કંપની છે. કંપનીનો કુલ પ્લોટ વિસ્તાર આશરે ૭૮.૨ હેક્ટર છે. તેમાં આશરે ૧૦૦૦ મીટર લાંબો દરિયાકિનારો (વોટર ફ્રન્ટેજ) ઉપલબ્ધ છે. આ કંપની રિલાયન્સના દહેજ ખાતેના ઉત્પાદન પ્લાન્ટની નજીક આવેલ છે.

કંપની દ્વારા હાલની જેટીમાં ફેરફાર અને વિસ્તરણ કરવામાં આવશે. મીઠાના હેન્ડલિંગ માટે હાલની જેટીમાં વધારો કરવામાં આવશે. તેમજ શિપ અનલોડર્સ અને કન્વેયર બેલ્ટની સ્થાપના કરવામાં આવશે. એમાં પ્રવાહી રસાયણો અને કન્ટેનર કાર્ગોના હેન્ડલિંગ માટે જેટીનું લગભગ ૨૩૦ મીટર વિસ્તરણ સામેલ છે. પેટ્રો કેમિકલ હેન્ડલિંગ માટે શિપયાર્ડ પરિસરમાં સ્ટોરેજ ટેંકો અને પાઈપલાઈન તૈયાર કરવામાં આવશે.

કુલ કાર્ગો હેન્ડલિંગ ક્ષમતા 6.15 TP A હશે, જેમાં 2.5 MTA મીઠું, 2.75 TPA પેટ્રો કેમિકલ ઉત્પાદનો અને 0.9 TPA કંટેઈનર અન્ય કાર્ગોનો સમાવેશ થાય છે.

આ વિસ્તારના ઉદ્યોગોનું મીઠું મુખ્ય રો મટેરીઅલ છે. કચ્છ અને બીજા ભાગોમાંથી મીઠું રોડ મારફતે લાવતા તે ખર્ચાળ અને બીન કાર્યક્ષમ કાર્ય છે. દરિયા આધારિત મીઠું અને રાસાયણિક હેન્ડલિંગ ઈન્ફ્રાસ્ટ્રચરના વિકાસથી લોંજે સ્ટીક ખર્ચ, રસ્તા ઉપરની ભીડ અને કાર્બન ફૂટપ્રિન્ટ ઓછી થશે તેવું કંપનીનું માનવું છે.

લેન્ડલૂઝર્સોએ ફરી નોકરી માટે ઉગ્ર રજુઆત કરી

આ લોક પર્યાવરણ સુનાવણીમાં આ કંપનીના લેન્ડ લુઝર્સોએ પુનઃ નોકરી માટે ઉગ્ર માંગ કરી હતી. કેટલાક લેન્ડલુઝર્સો લોક પર્યાવરણ સુનાવણીનું સ્થળ છોડીને વોકઆઉટ કર્યું હતું. તેમનું કહેવું હતું કે આ વિસ્તારમાં અગાઉ પણ અનેક લોક પર્યાવરણ સુનાવણીઓ થઇ છે. લોકોએ રજૂઆતો કરી છે. પરંતુ એક પણ પ્રશ્નનો ઉકેલ નથી આવતો અને કંપનીઓને મંજૂરીઓ મળી જાય છે. તેથી આવી લોક પર્યાવરણ સુનાવણીમાં પ્રશ્ન કરવાનો કોઈ અર્થ રહેતો નથી.

આ કંપની અગાઉ એબીજી શિપયાર્ડના નામે કાર્યરત હતી. પછી તેને નાદારીમાં લઈ જતા તેને બંધ કરવામાં આવી હતી. તે કંપની પછી વેલ્સપને લીધી હતી અને પછી નૌયાન શિપયાર્ડે લીધી હતી. કંપની પ્રતિનિધી રસેશ દેસાઈએ જણાવ્યું હતું કે જયારે કંપની હેન્ડ ઓવેર કરવામાં આવી ત્યારે કંપનીને બધા બોજમાંથી મુક્ત કરીને સોંપવામાં આવી હતી. તેથી કંપનીની કોઈ જવાબદારી બનતી નથી તેમ સ્પષ્ટ જણાવવામાં આવ્યું હતું. તેમના આ જવાબથી થોડાઘણા લેન્ડલુઝર્સો હાજર હતા તે ડઘાઈ ગયા હતા.


ત્યારબાદ કંપનીએ એવો દિલાસો આપ્યો હતો કે કંપનીએ નક્કી કરેલ માપદંડમાં આવતા હશે અને તેની સાથે મેળ બેસશે તો અમે તેમને પ્રથમ તક આપીશું. અમે તેમને સમાવવાનો મહત્તમ પ્રયાસ કરીશું.

આ જમીન જીઆઈડીસી દ્વારા લેવામાં આવી છે અને લેન્ડ લૂઝર્સની જવાબદારી જીઆઈડીસીની છે તેથી તેને આ બાબતનો જવાબ આપવો જોઈએ અને ઘટતું કરવું જોઈએ.

ત્યારપછી સામો એવો સવાલ કરાયો હતો કે રિલાયન્સ કંપની અહીં ૨૫ વર્ષથી કાર્યરત છે. આસપાસના ગામના કેટલા યુવાનોને કાયમી નોકરીમાં રાખવામાં આવ્યા. આંગળીના વેઢે પણ ગણી શકાય તેટલા લોકો નથી. તે બતાવે છે કે કંપનીને સ્થાનિકોને લેવામાં કોઈ રસ નથી.

નવી બનનાર કંપનીમાં વધારેમાં વધારે સ્થાનિકોને તેમાં પણ અસરગ્રસ્ત વિસ્તારના લોકોને લેવામાં આવે તેવી અપીલ કરવામાં આવી હતી.

(અનુસંધાન પાન નં.૪ પર)



## તંત્રીલેખ

### જોબ ફિટનેસ ક્યાં છે ?

બજારમાં આજકાલ મંદીનો પવન સુસવાટા મારે છે ને વડાપ્રધાન મોદીની નવી સલાહકારીમાં રોજગારી અંગેનું કોઈ માર્ગદર્શન નથી. ગોલ્ડ ન ખરીદો. ભલે, પણ ગોલ્ડ ખરીદવાની પાત્રતા કેળવાય એવું તો કંઈક જેન-ઝીને શીખવો. શિક્ષણ ક્ષેત્રમાં આ સરકારનું એક યોગદાન એ છે કે એમાં નાણાં ખાતા જેવા બહુ મોટા અખતરાઓ કર્યા નથી. નાણાં ખાતામાં પ્રયોગો કરીને દેશની આર્થિક પોલિસીઓમાં જે ઉથલપાથલ મચાવી એટલી હદે તો શિક્ષણમાં નુકસાન કર્યું નથી. વળી, કૃષિ ક્ષેત્રમાં ભાજપે એફપીઓની રચના સહિતના અનેક સકારાત્મક ક્રાન્તિકારી જે પગલાં લીધાં એ તો ખરેખર લોકહિતકારી છે. નોટબંધી અને જીએસટીમાં તો લોકો સમજે-ન સમજે ત્યાં તો ખતરનાક નુકસાન શરૂ થઈ ગયું હોય જેની પાકી ખબર તો બે વરસ પછી પડે. વડાપ્રધાન મોદીએ એમ માની લીધું કે સંસદના નીચલા ગૃહમાં આપણી પાસે બહુમતી છે અને ઉપલા ગૃહમાં બહુમતી મેનેજ થઈ જાય છે એટલે કૃષિ બિલો પાસ થઈ જશે ને એમ જ થયું, પરંતુ તેઓ એક વાત ત્યારે ભૂલી ગયા હતા કે સંસદની બહાર દેશમાં તો કિસાનોની બહુમતી છે.

છેલ્લાં પાંચેક વરસમાં દેશમાં યુનિવર્સિટીઓનું જે રીતે પતન થતું રહ્યું છે તે આમ તો ખબર ન પડે એવું છે, પરંતુ આંતરરાષ્ટ્રીય તુલનાત્મક અભ્યાસ પ્રગટ થતા રહેતા ભારતીય શિક્ષણ વ્યવસ્થાનું સ્તર સ્પષ્ટ થવા લાગ્યું છે. કદાચ વિદેશી સંસ્થાઓ સાથે તુલના કરવી જરૂરી નથી એમ માની લઈએ તો કમસે કમ એટલી તો અપેક્ષા રહે કે વિદ્યાર્થીઓ જે ભણે છે તે તો તેને આવડતું હોવું જોઈએ. ભાજપની એક જૂની થિયરી છે કે શિક્ષણમાં બહુ અપગ્રેડેશનની જરૂર નથી, કારણ કે બધા અભ્યાસમાં તેજસ્વી હશે તો રોજગારી ચાહશે ને? આજે દેશમાં પરિસ્થિતિ એ છે કે ૯૦ ટકા સ્નાતકો તો નોકરી મેળવવા માટે પોતે યોગ્ય છે કે કેમ તે અંગે જ સાશંક છે.

વિવિધ કંપનીઓની ભીતરી હાલત પણ જોવા જેવી છે. જેનામાં કામની આવડત હોય એવા કર્મચારીઓ આસાનીથી મળતા નથી. કોર્પોરેટ જોબમાં ખંધા અને લુચ્ચા માણસોની સંખ્યા વધુ છે. નવી પેઢીનો કોઈ સિતારો સારી રીતે કામકાજ કરતો હોય તો પેલા ખંધા સિનિયરો સહન કરી શકતા નથી. આજકાલ પ્રતિભાસંપન્ન લોકો બહુ ઝડપથી નોકરી બદલાવે છે, કારણ કે જે ઉમેદવારમાં ક્ષમતા છે તે પેલા ખંધા મેનેજરોને આધીન રહી શકે નહિ. દેશમાં સંખ્યાબંધ એચઆર કંપનીઓ અસ્તિત્વમાં આવી છે. તેમનું કામ કંપનીઓને સારા કર્મચારીઓ શોધી આપવાનું છે. કંપનીઓને સારા કર્મચારી ઉમેદવારો મળતા નથી. આ સ્થિતિ દર્શાવે છે કે જે વિદ્યાર્થીઓને આપણી શૈક્ષણિક પ્રણાલિકા તૈયાર કરે છે, તેમાંથી બહુ જૂજ લોકો જ સ્પર્ધાત્મક રીતે ટકી શકે એવા તૈયાર થાય છે.

એવરેજ એટલે કે નીચલા સ્તરનું જ્ઞાન ધરાવનારા ઉમેદવારોની સંખ્યા બહુ મોટી છે, તેઓ પ્રાથમિક રીતે તો સર્વજ્ઞાની હોય છે, પરંતુ તેઓને કોઈ કામ સોંપવામાં આવે તો તેઓ કરી શકતા નથી. વાતોનાં વડાં કરનારો આવો ઘણો મોટો બેરોજગાર વર્ગ આપણા દેશમાં પેદા થયેલો છે, જે હાલ ક્યાંય ચાલે એમ નથી. દેશમાં બહુ જ ઓછા ઉમેદવારો એવા છે જેમનામાં જોબ ફિટનેસ હોય, મહત્ ઉમેદવારો તો જોબ માટે અનફિટ દેખાય છે. દેશમાં બેરોજગારી છે એમ કહીને સરકારનો વાંક બતાવવાને બદલે પ્રજાએ આત્મદર્શન કરીને એમ કહેવાની જરૂર છે કે દેશમાં જોબ ફિટનેસની તંગી છે.

આંતરપ્રિનિયોર સેક્ટરમાં સૌથી સફળ લોકોનો એક કાફલો જોવા મળે છે. હમણાં દિલ્હી યુનિવર્સિટીમાં આંતરપ્રિનિયોર પરિસંવાદમાં દરેક ઉદ્યોગ સાહસિકનો એક અનુભવ સામાન્ય હતો કે જેમને કામ કરવું નથી ને માત્ર પગાર લેવો છે તેવા લોકોની સંખ્યા વધારે છે અને તેઓ જ આપણા વ્યવસ્થાતંત્રમાં મોટા અંતરાયો છે. નવા ઉદ્યોગ સાહસિકો તો જાહેરમાં સત્ય ઉચ્ચારતા રહે છે અને સ્પષ્ટ કહે છે કે, ભારતીય પ્રજા પાસેથી કામ લેવું સુગમ નથી. જો કોઈ એક માણસ પાસેથી કામ લેવાનું હોય તો તેના પર બે માણસોએ દેખરેખ રાખવી પડે. એક તરફ દેશમાં જોબ ન હોવાનો ઉહાપોહ છે અને બીજી તરફ કંપનીઓ અને અન્ય નાનાં-મોટાં કોર્પોરેટ ક્ષેત્રમાં આવતા ઉમેદવારોમાં જોબ ફિટનેસનો ઘોર અભાવ છે. કેટલાક માબાપે એ સમજવાની જરૂર છે કે તેમનો ખોટો સિક્કો ક્યાંય ચાલે એમ નથી. પહેલાં એને ઘસીને ઉજળો કરી સાચો બનાવવાની જરૂર છે.

# દેશમાં પેટ્રોલ-ડીઝલ, ગેસની અછત દૂર કરવા કોલ ગેસિફિકેશન કરાશે



થોડા સમય પહેલાં જ કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જાહેરાત કરી હતી કે, સરકાર દ્વારા કોલસાની મદદથી ગેસનું ઉત્પાદન કરવામાં આવશે. તેના માટે સરકારે ૩૭,૫૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. હકિકત એવી છે કે, પેટ્રોલ અને ડીઝલ બનાવવા માટે ક્રૂડની જરૂર પડે છે. તેની હાલમાં દેશમાં અછત છે. તેથી સરકારે કોલસાનો ઉપયોગ કરીને કોલ ગેસિફિકેશન યોજના ઉપર કામ શરૂ કર્યું છે. તેમાં સફળતા મળતા જ બહારથી ગેસ અને ક્રૂડ મંગાવવાની સમસ્યામાં રાહત મળશે.

ઉલ્લેખનીય છે કે, ઈન્ડોનેશિયાએ પણ હવે પામ ઓઈલનું એક્સપોર્ટ ઘટાડી દીધું છે અને તેમણે તેના દ્વારા ફ્યૂઅલ બનાવવાની શરૂઆત કરી દીધી છે. મલેશિયા પણ તેની સાથે જોડાયેલું છે. તેઓ હવે પામ ઓઈલ વેચવાના બદલે બાયો ડીઝલ બનાવી રહ્યા છે. પામ ઓઈલનો વિશાળ જથ્થો તેમની પાસે છે અને તેઓ તેનાથી જ બાયો ફ્યૂઅલ બનાવીને સસ્તા ભાવે લોકોને આપશે. ભારત પાસે તેના મર્યાદિત સ્રોત છે. તેના પગલે ભારતે હવે કોલસા તરફ નજર દોડાવી છે. ભારતે કોલ ગેસિફિકેશન પાછળ કુલ ૩ લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરવાનું આયોજન કરી લીધું છે. જાણકારોના મતે આગામી ૩-૪ વર્ષમાં એવી સ્થિતિ આવી જશે કે ગેસ માટે ભારતે કોઈપણ દેશ ઉપર આધાર રાખવો નહીં પડે.

ઉલ્લેખનીય છે કે, ભારત પાસે કોલસાનો અધધ ભંડાર છે. ભારત પાસે ૨૦૦ વર્ષ ચાલે તેટલો કોલસાનો ભંડાર છે. કોલસાથી ગાડીઓ કે ઘરની સગડી ચાલે તેમ નથી. તેના માટે વિવિધ કામગીરી કરવી પડશે. તેના માટે જ સરકારે અંદાજે ૩૭,૫૦૦ કરોડ રૂપિયા ખર્ચીને ગેસ બનાવવાના પ્લાન્ટ નાખવાની શરૂઆત કરવાની જાહેરાત કરી છે. આ યોજના દ્વારા જે પ્લાન્ટ નાખવામાં આવશે તેમાંથી દર વર્ષે ૭.૫ ટન કોલસાનો ઉપયોગ કરીને ગેસ ઉત્પન્ન કરવામાં આવશે. તેના દ્વારા ૫૦,૦૦૦ રોજગારનું પણ સર્જન થશે. જાણકારો માને છે કે, કોલ ગેસિફિકેશન દ્વારા માત્ર ગેસ જ નહીં પણ પેટ્રોલ અને ડીઝલ પણ બનાવી શકાશે. એક તરફ કોલસાને સળગાવીને ગેસમાં રૂપાંતરણ કરવામાં આવશે જ્યારે બીજી તરફ સીટીએલ એટલે કે કોલ ટુ લિક્વિડ પ્રોસેસ દ્વારા પેટ્રોલ અને ડીઝલ પણ ઉત્પન્ન કરવામાં આવશે.

કોલસામાંથી ગેસ બનાવવા માટે વિશેષ પ્રોસેસ કરવામાં આવે છે. સૌથી પહેલાં કોલસાને ખાંડીને અત્યંત ઝીણા પાઉડર સ્વરૂપમાં લાવવામાં આવે છે. ત્યારબાદ કોલસાના પાઉડરને એક મોટા રિએક્ટરમાં નાખવામાં આવે છે. આ રિએક્ટરને ગેસિફાયર કહેવાય છે. આ ગેસિફાયરની અંદર અંદાજે ૭૦૦થી ૧૫૦૦ સેલ્સિયસ ડિગ્રી તાપમાન હોય છે. તે ઉપરાંત તેમાં હાઈ પ્રેશર પણ હોય છે. તેના પગલે ધીમે ધીમે તેમાંથી ઓક્સિજન અને પાણીની વરાળ છુટા પડવા લાગે છે. તેના પગલે કોલસો સળગતો નથી પણ ધીમે ધીમે રાસાયણિક પ્રક્રિયા થકી ગેસમાં પરિવર્તિત થવા લાગે છે. આ ગેસને સિનગેસ અથવા તો સિન્થેટિક ગેસ કહેવામાં આવે છે. સિનગેસ મુખ્યરીતે કાર્બન મોનોક્સાઈડ ગેસ હોય છે. તેની સાથે એચટુ ઉમેરવાની કામગીરી કરવામાં આવે છે.

આ કામગીરીના બીજા તબક્કાની વાત કરીએ તો તેને ફિશર ટ્રોપ્શ સિંથેસિસ કહેવામાં આવે છે. તેને એફટી પ્રોસેસ તરીકે પણ ઓળખાય છે. તેમાં સિનગેસને સાફ કરીને એક કેમિકલ સાથે રિએક્ટરમાં નાખવામાં આવે છે. ત્યારબાદ તેને હાઈ પ્રેશર દ્વારા કન્ટ્રોલ કરીને તેના તાપમાનમાં વધારો કરવામાં આવે છે. આ તાપમાનને કાબુ કરીને ર્ભ અને લ્લર જોડવામાં આવે છે. તેના દ્વારા નવું સંયોજન રચાય છે. તેના દ્વારા જે પ્રવાહી બને છે તેને કાચુ પેટ્રોલ અથવા ડીઝલ કહેવામાં આવે છે. તે ઉપરાંત જેટ ફ્યૂઅલ પણ આ જ પદ્ધતિ દ્વારા કોલસામાંથી બની શકે છે. તેનો સીધો અર્થ એ છે કે, પહેલા સ્ટેપમાં જે ગેસ બને છે તે સીએનજી અને પીએનજીનો વિકલ્પ હોય છે. કતાર પાસેથી જે ગેસ મગાવામાં આવે છે તે ગેસ અહીંયા કોલસા દ્વારા તૈયાર કરી શકાય તેમ છે.

જાણકારોના મતે એફટી પ્રોસેસ દ્વારા જે ગેસ અને પેટ્રોલ-ડીઝલ મેળવવામાં આવે છે તેનો સીધો ઉપયોગ પણ કરી શકાય તેમ છે. તેને વાહનોમાં નાખી શકાય છે. તેના માટે કોઈ અલગ એન્જિન પણ લગાવવાની જરૂર નથી. કોલસા દ્વારા જ પેટ્રોલ બની જશે. ભારત આવું કરનારો પહેલો દેશ નથી. ભૂતકાળમાં ઘણા દેશો દ્વારા આવા પ્રયોગો કરાયા છે. સાઉથ આફ્રિકામાં હાલમાં પણ આવું કરવામાં આવી રહ્યું છે. તેઓ કોલસા દ્વારા જ પોતાના માટે પેટ્રોલ અને ડીઝલ બનાવી રહ્યા છે. ત્યાં વાહનો આવા ફ્યૂઅલની મદદથી ચાલી પણ રહ્યા છે. આવા ફ્યૂઅલથી ગાડીઓના એન્જિન સાફ થઈ જાય છે. તેનાથી એન્જિન ખરાબ થવાનો કોઈ ભય નથી. તેમાં સલ્ફર ઓછું હોવાથી એન્જિન વધારે સારી રીતે ચાલે છે.

આ ઉપરાંત બીજો સવાલ એવો થાય કે ગેસિફિકેશન દ્વારા જે ગેસ મળે છે તેનો સીધો જ ઘરમાં ઉપયોગ કરી શકાય કે નહીં. આ ગેસ પીએનજી કે એલપીજી જેવો હોતો નથી. તેનો ઉપર પ્રોસેસ કરવી પડે છે. તેને સિન્થેટિક નેચરલ ગેસ કહેવાય છે. તેને એસએનજી કેહવાય છે. તેનાથી મિથેનોલ, એમોનિયા અને હાઈડ્રોજન, યુરિયા ફીડસ્ટોક બનાવવામાં આવે છે. ભારત જો મોટાપાયે એસએનજીનું ઉત્પાદન શરૂ કરી દે તો પીએનજી નેટવર્ક અને ઈન્ડસ્ટ્રિયલ ગેસ સપ્લાયમાં તેનો વ્યાપક રીતે ઉપયોગ કરી શકાય છે. ભારતને ઓસ્ટ્રેલિયા, કતાર, અમેરિકા કે અન્ય દેશો પાસેથી વારંવાર મોંઘો એલએનજી ખરીદવામાંથી પણ મુક્તિ મળે તેમ છે.

સ્વાભાવિક રીતે લોકોને સવાલ થઈ રહ્યો છે કે, આવી રીતે પેટ્રોલ અને ડીઝલ મળે છે તો સરકાર દ્વારા અત્યાર સુધી તેના ઉપર કામ કેમ ન કરવામાં આવ્યું. આપણી પાસે ૨૦૦ વર્ષ ચાલે તેટલો કોલસો પડયો છે તો આપણે શું કરી રહ્યા હતા. તેનો સીધો જવાબ એવો છે કે, આ કામગીરી દ્વારા જે પટ્રોલ અને ડીઝલ મળે છે તે મોંઘા પડે છે. ભારતને સીધી રીતે બહારના દેશઓ પાસેથી ક્રૂડ મંગાવીને તેમાંથી પેટ્રોલ અને ડીઝલ બનાવવાનું સસ્તું પડે છે. સામાન્ય રીતે જે કોલસામાં રાખ ઓછી થતી હોય તેવા કોલસામાંથી ગેસ અને પેટ્રોલ-ડીઝલ વધારે સારી રીતે બને છે. ભારતમાં મળતા કોલસામાં રાખનું પ્રમાણ વધારે છે. તે શુદ્ધ કોલસો નથી. આપણા કોલસાને વધુ પડતો બાળવામાં આવે તો કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધી જાય છે. તેના કારણે પ્રદુષણ વધી જાય છે.

**- ભારતીય કંપનીઓ દ્વારા નવી ટેક્નોલોજી થકી કોલસાનો મહત્તમ ઉપયોગ કરાશે**

ભારતીય સરકારી કંપની ભેલ દ્વારા રાખ ધરાવતા કોલસાનો પણ યોગ્ય અને મહત્તમ ઉપયોગ કરવાની ટેક્નોલોજી વિકસાવાઈ છે. આ ટેક્નોલોજીને પીબીએફજી એટલે કે પ્રેશરાઈઝ્ડ ફ્લુઈડાઈઝ્ડ બેડ ગેસિફિકેશન કહેવાય છે. ભેલના હૈદરાબાદના એક પ્લાન્ટમાં પાઈલટ પ્રોજેક્ટ ચલાવવામાં આવ્યો હતો. તેમાં ભારતના રાખ ધરાવતા જ કોલસામાંથી ઉપયોગી ગેસ મેળવવામાં આવ્યો. ઉલ્લેખનીય છે કે, દુનિયામાં ઘણી કંપનીઓ આવા રાખવાળા કોલસામાંથી ગેસ બનાવવાની ટેક્નોલોજી ઉપર કામ કરી રહી છે. આ ઉપરાંત જૂની પદ્ધતિમાં જે રીતે કાળો ધુમાડો નીકળતો હતો તેનો પણ ઉકેલ લાવી દેવાયો છે. તેના માટે પણ કાર્બન કેપ્ચર ટેકનિકનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તેના પગલે પ્રદુષણ થતું નથી. ખાસ વાત એ છે કે, પહેલાં આટલી એડવાન્સ ટેક્નોલોજી નહોતી અને વિદેશોમાંથી સરળતાથી ક્રૂડ મળી જતું હતું તેથી ભારત સહિતના એશિયાના દેશો આવી પદ્ધતિ ઉપર કામ પણ કરતા નહોતા. હવે જ્યારે ઈરાન યુદ્ધને પગલે વિશ્વભરમાં અનિશ્ચિતતા સર્જાઈ છે ત્યારે કોલસા ઉપર તમામનું ધ્યાન ગયું છે. ભારત સરકારે તો યોજનાઓ પણ જાહેર કરી દીધી છે. ખાસ વાત એ છે કે, આ રીતે મળતા ગેસનો ઉપયોગ ઈંધણ તરીકે કરી શકાય છે. તે સિવાય પેટ્રોલ અને ડીઝલનો ઉપયોગ પણ કરી શકાય છે. આ સિવાય તેમાંથી એમોનિયા નીકળે છે જેના દ્વારા ખાતર બનાવી શકાય છે. કેમિકલ ઈન્ડસ્ટ્રીમાં તેનો ઉપયોગ કરી શકાય છે. તે ઉપરાંત વીજળી અને હાઈડ્રોજન બનાવવા માટે પણ આ ગેસિફિકેશન પદ્ધતિનો ઉપયોગ કરી શકાય છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, ભેંસ ભાગોળે અને છાશ છાગોળે જેવી સરકારી જાહેરાતો છે. જાણકારોના મતે આ પ્લાન્ટ નખાતા, કામ કરતા અને બધું જ સમુસુથરું પાર પડતા ઓછામાં ઓછા પાંચથી સાત વર્ષ લાગશે. તે ઉપરાંત પાઈપલાઈન દ્વારા તેનો યોગ્ય સપ્લાય શરૂ કરતા અને અન્ય વ્યવસ્થા કરતા કુલ એક દાયકા જેટલો સમય લાગશે. તેનો અર્થ એ છે કે, હાલમાં જે સમસ્યા છે તેનો કોઈ ઉકેલ હાલ આવે તેમ નથી.

# અંકલેશ્વરના માધવેન્દ્રસિંગ ની U-10 કેટેગરીમાં લોન-ટેનિસમાં સિદ્ધિ



Sweetspot Tennis Centre ,અમદાવાદ ખાતે યોજાયેલ ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટુર્નામેન્ટ ઓપન ઓલ ગુજરાત ટુર્નામેન્ટમાં AIDS સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં કોચિંગ લેતા યુવા પ્રતિભા માધવેન્દ્રસિંગએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ગૌરવપૂર્ણ સિદ્ધિ મેળવી છે.

U-10 કેટેગરીમાં રમતા માધવેન્દ્રસિંગએ શાનદાર રમત દેખાડીને Runnerup બની ટ્રોફી પોતાના નામે કરી છે. તેમની આ સિદ્ધિ સાથે તેઓ પ્રતિષ્ઠિત રેન્કિંગ તરફ મજબૂત પગલું ભરી રહ્યા છે અને તેઓ ગુજરાતમાં U-10 ટેનિસ રેન્કિંગમાં પણ સ્થાન મેળવશે.

માધવેન્દ્રસિંગની આ સફળતા પાછળ AIDS સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના કોચ વિશાલ પઢિયારનું માર્ગદર્શન મહત્વપૂર્ણ રહ્યું છે.

યુવા ખેલાડીની આ સિદ્ધિ રમતગમત ક્ષેત્રમાં નવી પ્રેરણા પૂરું પાડે છે. AIDS સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ માધવેન્દ્રસિંગને તેમની ભવિષ્યની સ્પર્ધાઓ માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે અને આશા રાખે છે કે તેઓ આવનારા સમયમાં વધુ મોટી સિદ્ધિઓ હાંસલ કરશે.

# ફડચામાં ગયેલી કાંઠા સુગરની મિલ્કતોની સરફેસીથી હરાજી થશે

ઓલપાડની ફડચામાં ગયેલી કાંઠા સુગર મીલની અચલ મિલ્કત સરફેસી હેઠળ ઈ ઓકશન કરવા માટેની જાહેરાત થઈ છે. એન.સી.ડી.સી. દ્વારા સરફેસી હેઠળ આ જાહેરાત કરાતા મીલના ૬૫,૦૦૦ સભાસદોમાં નવી ચર્ચા શરૂ થઈ છે. આ મુદ્દે શેર ભંડોળ અને ડિપોઝીટ તેમજ માલના નાણાં ચૂકવવાના પ્રશ્ને અગ્રતા આપવા માટે માગણી થઈ છે.

આ અંગેની મુખ્યમંત્રીને રજૂઆત કરતા જણાવ્યું છે કે, લોન લઈ તેના નાણાંનો ગેર વહીવટ કરનાર તત્કાળ બોર્ડ પ્રમુખ અને ડિરેકટરો સામે પણ વ્યક્તિગત જવાબદારી નક્કી થવી જોઈએ. ઓકશન થયા બાદ આ વ્યક્તિઓ પોતાની જવાબદારીમાંથી છટકી જશે. આ કેસમાં પોલીસ તપાસમાં ઢીલ વર્તાઈ રહી છે, સાથે જ સહકારી સંસ્થાઓ સભાસદની છે એ લોન આપનાર સંસ્થાની નથી આ સંજોગોમાં સભાસદોનું હિત જોખમાય તેવી પ્રવૃતિ લિક્વિડેશનમાં પણ નથી. તેની તકેદારી રાખવા માગણી થઈ છે. ફેકટરીની સંપતિના વેચાણમાં પણ સભાસદના પૈસા પહેલાં ચૂકવાય એ માટે વ્યવસ્થા કરવા માટે જણાવાયું છે.

સાથે જ સરકાર આ મીલ શરૂ કરવા માટે પણ જો વ્યવસ્થા કરવા માટે હસ્તક્ષેપ કરવા માટે પણ મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત થઈ છે.

# ભરૂચ જિલ્લાના નવા કલેક્ટર તરીકે ડો. નવનાથ ગવ્હાણે એ ચાર્જ સંભાળ્યો



ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી બદલીઓના ભાગરૂપે, ભરૂચ જિલ્લાના નવનિયુક્ત કલેક્ટર તરીકે ૨૦૧૬ બેચના આઈએએસ (IAS) અધિકારી ડો. નવનાથ ગવ્હાણે એ આજે વિધિવત રીતે કાર્યભાર સંભાળી લીધો છે. ડો. નવનાથ ગવ્હાણે મૂળ મહારાષ્ટ્રના રહેવાસી છે અને તેમણે એમ.બી.બી.એસ. (M.B.B.S.) સુધીનો અભ્યાસ પૂર્ણ કરેલ છે. તેઓ ૨૦૧૬ બેચના ગુજરાત કેડરના અધિકારી છે. તેમણે બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે સેવાઓ આપી છે. વહીવટી તંત્રના આરોગ્ય વિભાગમાં પણ તેમણે મહત્વપૂર્ણ કામગીરી કરી છે.

તેઓ સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં ડી.ડી.ઓ. તરીકે સફળતાપૂર્વક ફરજ બજાવી ચૂક્યા છે. ભરૂચમાં કલેક્ટર તરીકે નિમણૂક પામતા પહેલા તેઓ સુરેન્દ્રનગર ખાતે મ્યુનિસિપલ કમિશનર તરીકે કાર્યરત હતા.

કલેક્ટર તરીકેનો ચાર્જ સંભાળ્યા બાદ તેમણે જિલ્લાના વહીવટી અધિકારીઓ સાથે બેઠક યોજી અને સરકારશ્રીની વિવિધ ફ્લેગશિપ યોજનાઓના અમલીકરણ પર ભાર મૂક્યો હતો.

# હોર્મુઝ સંકટથી બેન્ઝિન ટોલ્વીન અને સોલવન્ટની કિંમતો વધતાં ઉધોગો તકલીફમાં

ભરૂચ જિલ્લામાં કેમિકલ અને પેટ્રો કેમિકલ્સને લગતા ઉદ્યોગો આવેલા છે. આ ઉદ્યોગો હવે પેટ્રો કેમિકલ્સના ભાવમાં થયેલાં ૪૦ ટકાના વધારાના કારણે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યાં છે. બેન્ઝિન, ટોલ્વીન અને સોલવન્ટ મોંઘા થઇ જતાં કેમિકલ, ડાઇઝ અને ઇન્ટરમીડીએટ બનાવતાં ઉધોગોનું ટકી રહેવું મુશ્કેલ બની ગયું છે.

અખાતી દેશોમાં ચાલી રહેલ યુદ્ધની સીધી અસર અંકલેશ્વર અને પાનોલી જીઆઈડીસી સહિત સમગ્ર ભરૂચ જિલ્લાના ઉધોગો પર જોવા મળી રહી છે. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં થયેલા અસહ્ય વધારાને કારણે ઉધોગોની મુશ્કેલીઓમાં વધારો થયો છે. કેમિકલ, ડાઇઝ અને ઇન્ટરમીડીએટ બનાવતી કંપનીઓ માટે ઉત્પાદન ખર્ચ વધવાની સંભાવના વધી છે. દેશમાં પેટ્રોલ તથા ડિઝલ સહિતની પેટ્રોલિયમ પેદાશોની આયાત ઘટી ગઈ છે.

આ ઉપરાંત ઈરાન અને ઈઝરાયેલ યુદ્ધ બાદ હોર્મુઝની ખાડીમાં જહાજો અટવાઈ ગયાં છે. જહાજોની અવરજવર પર ઇરાને રોક લગાવી હોવાના કારણે પેટ્રોલિયમ પેદાશોની આયાત ઓછી થતાં ભારત સરકારે પેટ્રોલ અને ડિઝલની કિંમતોમાં રૂપિયા ૩નો વધારો કરી નાંખ્યો છે. પેટ્રોલિયમ પેદાશોના ભાવ વધતા ટ્રાન્સપોર્ટેશન કિંમતમાં ૧૫ થી ૨૦ ટકાનો વધારો થયો છે. કાચા માલની આયાત અને તૈયાર માલના ટ્રાન્સપોર્ટના વધેલા ખર્ચને કારણે ઉદ્યોગકારોની નફાશક્તિ પર માઠી અસર પડી છે. ખાસ કરીને કેમિકલ અને ડાઇઝ-ઈન્ટરમીડિયેટ્સ બનાવતા નાના એકમો માટે ટકી રહેવું મુશ્કેલ બન્યું છે ક્રૂડ ઓઈલના ભાવ વધતા પેટ્રોકેમિકલ્સના ભાવમાં ૪૦ ટકા સુધીનો વધારો ઝીંકાયો છે.

કન્ટેનરના વહનના દરમાં વધારો થયો છેઃ વૈશ્વિક સ્તરે તેલ પુરવઠા માટે મહત્વની ગણાતી હોર્મોસની ખાડીમાં યુદ્ધની સ્થિતિને કારણે જહાજોના રૂટ બદલવા પડ્યા છે. વીમા પ્રિમીયમમાં વધારો અને સુરક્ષાના કારણોસર માલવાહક જહાજોના આગમનમાં ૧૦ થી ૧૫ દિવસનો વિલંબ થઈ રહ્યો છે, જેનાથી ઉત્પાદન ચક્ર ખોરવાયું છે.યુદ્ધ પહેલા એક સામાન્ય કન્ટેનરનું નૂર અંદાજે $ 1500 થી $2000 હતું.અત્યારે આ દર વધીને $ 4500 થી $ 6000 સુધી પહોંચી ગયા છે.

યુધ્ધના કારણે હવે અંકલેશ્વર સહિત ભરૂચ જિલ્લાના ઉદ્યોગો પર હવે આકરી અસર જોવા મળી રહી છે. મોટાભાગની કંપનીઓમાં બેન્ઝિન, ટોલ્વીન અને અલગ અલગ પ્રકારના સોલવન્ટનો ઉપયોગ થાય છે. આ મટિરીયલ મોંઘુ થવાના કારણે ઉત્પાદન ખર્ચમાં વધારો થશે. બીજી તરફ ઉત્પાદિત માલ અને રો મટીરીયલની આયાત અને નિકાસનું આખું ચક્ર ખોરવાઈ ગયું છે. પેટ્રોલ અને ડિઝલની કિંમતોમાં રૂપિયા ૩ સુધીનો વધારો કરી દેવાયો છે. દેશની વર્તમાન સ્થિતિની અસર આગામી જૂન અને જુલાઈ મહિનામાં સૌથી વધારે અસર જોવા મળશે. આ અસર હેઠળ કંપનીઓને કર્મચારીઓની છટણી કરવાની અથવા તો પગાર અટકાવવાની ફરજ પડી શકે છે. આયાત અને નિકાસમાં ૪૦ ટકાથી વધુની ઘટ આવી છે. કંપનીઓના ઉત્પાદન ખર્ચમાં ૩૦ ટકાનો વધારો થયો છે. આના માટે પેટ્રોલિયમ પેદાશોના ભાવમાં થયેલો વધારો, ઘટેલી આયાત અને નિકાસ તથા મોંઘુ બનેલું ટ્રાન્સપોર્ટેશન જવાબદાર છે. કંપનીઓને વિદેશોમાંથી મળેલા ઓર્ડરના પૈસા અટકી જતાં વિદેશી હુંડિયામણ આવતું અટકી જતાં સ્થિતિ ગંભીર બની છે.

# અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા શહેરીજનોને હવે કચરાને ફરજિયાત ૪ પ્રકારમાં સેગ્રીગેશન કરી આપવાનું ફરમાન કર્યું

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા શહેરમાં કચરા વ્યવસ્થાપન માટે નવી અને કડક માર્ગદર્શિકા અમલમાં મુકવામાં આવી છે. જે અનુસાર, હવે શહેરના તમામ રહેણાંક અને કોમર્શિયલ એકમોએ કચરાનું ચાર પ્રકારમાં વિભાજન કરીને જ ડોર ટુ ડોર કલેક્શન વાળાઓને આપવાનું રહેશે. ભારત સરકારના પર્યાવરણ વિભાગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા નિયમો તેમજ સુપ્રીમ કોર્ટના નિર્દેશોને ધ્યાનમાં રાખીને આ માર્ગદર્શિકા અમલમાં મુકવામાં આવી છે. હવે શહેરમાં ખુલ્લી જગ્યાઓ કે અન્ય જગ્યાએ કચરો ફેંકવો ગુનો ગણાશે. નિયમનું પાલન નહીં કરવામાં આવે તો દંડાત્મક કાર્યવાહીની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે. કોર્પોરેશન દ્વારા અમલમાં મુકેલી માર્ગદર્શિકા અનુસાર, નવી વ્યવસ્થા મુજબ ભીનો કચરો, સૂકો કચરો, સેનિટરી કચરો અને વિશેષ કાળજીનો કચરો (Specia Care Waste) અલગ અલગ રાખવો ફરજિયાત બનાવવામાં આવ્યો છે. ભીના કચરામાં રસોડાનો કચરો, ફળો અને શાકભાજીનો કચરો વગેરેનો સમાવેશ થાય છે. જ્યારે સૂકા કચરામાં કાગળ, પ્લાસ્ટિક, કાચ અને ધાતુ જેવી વસ્તુઓનો સમાવેશ થાય છે. સેનિટરી કચરામાં વપરાયેલા ડાયપર, સેનિટરી પેડ્સ સહિતનો કચરો આવશે, જેને ઉત્પાદક દ્વારા આપવામાં આવેલી બેગ અથવા યોગ્ય કાગળમાં સુરક્ષિત રીતે લપેટીને અલગ આપવાનો રહેશે. ઉપરાંત જોખમી ઘરગથ્થુ કચરાને 'વિશેષ કાળજીનો કચરો' તરીકે અલગ રાખવાની સૂચના આપવામાં આવી છે.

AMC દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, કચરો શેરીઓમાં, ખુલ્લી જગ્યાઓમાં, ગટરમાં અથવા જળાશયોમાં ફેંકવો, બાળવો કે દાટવો કાનૂની ગુનો ગણાશે. શહેરના તમામ રહેણાંક અને વેપારી એકમો માટે આ નિયમો ફરજિયાતપણે લાગુ પડશે. જો કોઈ એકમ દ્વારા ૪ પ્રકારના કચરાનું યોગ્ય રીતે સેગ્રીગેશન કરવામાં નહીં આવે અથવા નિયમોના અમલમાં બેદરકારી દાખવવામાં આવશે તો તે સુપ્રીમ કોર્ટના આદેશની અવમાનના સમાન ગણાશે.

આવી સ્થિતિમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના નિયમ તેમજ લાગુ પડતા અન્ય પર્યાવરણીય કાયદાઓ હેઠળ કડક દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી શકે છે.

મોટી હોટલ, શૈક્ષણિક સંસ્થાઓ, એપાર્ટમેન્ટમાં ઓન-સાઇટ વેસ્ટ પ્રોસેસિંગ ફરજિયાત

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના તમામ ઝોન અને વોર્ડમાં મોટા પાસે કચરો ઉત્પન્ન કરતા એકમો માટે કડક અમલીકરણ શરૂ કરવામાં આવ્યું છે. શહેરમાં મોટા પાયે કચરો ઉત્પન્ન કરતા એકમો માટે હવે ઓન-સાઈટ વેસ્ટ પ્રોસેસિંગ અને વૈજ્ઞાનિક કચરો વ્યવસ્થાપન ફરજિયાત બનાવવામાં આવ્યું છે. નવી જોગવાઈઓ મુજબ જે એકમોનું કુલ બાંધકામ ક્ષેત્રફળ ૨૦૦૦૦ ચોરસ મીટર અથવા તેથી વધુ હોય, અથવા જેમનો દૈનિક પાણીનો વપરાશ ૪૦૦૦૦ લીટર કે તેથી વધુ હોય, અથવા જે એકમો દ્વારા દરરોજ ૧૦૦ કિલોગ્રામ કે તેથી વધુ ઘન કચરાનું ઉત્પાદન થતું હોય, તે તમામને 'બલ્ક વેસ્ટ જનરેટર' તરીકે ગણવામાં આવશે. આ નિયમો હેઠળ હોટલ-રેસ્ટોરન્ટો, ધાર્મિક સંસ્થાઓ, સરકારી અને અર્ધસરકારી કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટીઓ, મોટા રહેણાંક એપાર્ટમેન્ટ્સ, ફ્લેટ અને સોસાયટીઓ, વાણિજ્યિક એકમો તેમજ શોપિંગ મોલ્સ સહિતના મોટા એકમોનો સમાવેશ થાય છે. આવા તમામ બલ્ક વેસ્ટ જનરેટર માટે તેમની પ્રિમાઈસીસમાં જ બાયોડિગ્રેડેબલ એટલે કે ભીના કચરાનું ઓનસાઈટ પ્રોસેસીંગ કરવું ફરજિયાત રહેશે. ઉપરાંત ઉત્પન્ન થતા સૂકા કચરાનું યોગ્ય વર્ગીકરણ કરીને તેને અધિકૃત રિસાયકલર્સને જ સોંપવાનો રહેશે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચેતવણી પણ આપવામાં આવી છે કે જો કોઈ એકમ દ્વારા ઓન-સાઈટ પોસેસિંગની કામગીરીમાં બેદરકારી દાખવવામાં અથવા નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવશે તો તેમની સામે કાર્યવાહી કરાશે.

ISO 9001:2015 CERTIFIED
Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998
REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com

Authorised Dealer:
FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
G-8, Ground Floor, Asian Trade Centre, Asian Paint Chowkdi, GIDC, Ankleshwar- 393 002, Gujarat (India)
fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
SPITMAAN
Sealflex Jointing Sheet
• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket




## સુનાવણીમાં લેન્ડ લુઝર્સ અને સ્થાનિકોને નોકરી રાખવા મુદ્દે ઉગ્ર ચર્ચા થઈ.

(અનુસંધાન પાન નં.૧નું ચાલુ)

નાયબ કલેક્ટર માનાણીએ સૂચના આપી હતી કે આ વિસ્તારમાં ક્યાં યુવાનોને નોકરીની જરૂર છે અને કોને કેટલો અભ્યાસ કરેલ છે તેનું લિસ્ટ બનાવીને મને મળવા માટે આવો આપણે આ દિશામાં જરૂરથી કૈક કરીશું.

અગાઉની લોક પર્યાવરણ સુનાવણીઓમાં આ બાબતમાં એક સરસ જવાબ આપવામાં આવતો હતો કે આ વિસ્તારમાં કોણ કોણ લેન્ડ લૂઝર્સ છે. કઈ કઈ કંપનીમાં કોની કોની જમીન ગઈ છે.તેમજ આ વિસ્તારના નોકરીવાંચ્છુ યુવાનોના લિસ્ટ તેમજ તેમની લાયકાતના ડેટા તૈયાર કરતુ એક સોફ્ટવેર બનાવી તેમાં ડેટા એકઠા કરાઈ રહ્યા છે. જેવા ડેટા એકઠા થઈ જશે તમારો પ્રશ્ન ઉકલી જશે. કારણકે બધું જ આંગળીના વેઢે હશે. પરંતુ તે નાયબ કલેક્ટરની બદલી થઈ ગઈ. પછી તે સોફ્ટવેરનું શું થયું તે કોઈને ખબર નથી. જો આ ડેટા તૈયાર થઈ ગયા હોય તો તેનો અમલ કરાવવા જેવો ખરો.

જો કે એક ભાઈએ કંપનીઓ સ્થાનિકનો બાયોડેટા જોઈને જ તેને રિજેક કરે છે તેવી ફરિયાદ કરી હતી.

જો કે સ્થાનિકોએ પણ કેટલાકને બેઠા બેઠા પગાર લેવાની ઈચ્છા હોય છે આ નીતિ છોડવી પડશે. અમે આવા લોકોના પક્ષમાં નથી. તેમ પણ જણાવ્યું હતું.

સ્થાનિક ની વ્યાખ્યામાં આખા ગુજરાતના લોકો આવે છે પરંતુ અસરગ્રસ્ત વિસ્તારના લોકોને પ્રથમ પસંદગી આપવી જોઈએ તેવી પણ દલીલ કરાઈ હતી.લુવારા અને લખીગામ થી એક કિલોમીટર સુધી કોઈ કંપનીને મંજૂરી નહિ આપવાનો આદેશ હોવા છતાં અમલ કેમ થતો નથી

અગાઉ કંપનીની જગ્યામાં લોકોએ ખેતી કરી હોવાથી પોલીસદળ ઉતારીને ઉભોપાક કાપી લઈને જગ્યા અપાવી હતી. તો પછી અમારા ગામની તળાવની જમીન કેમ કંપનીને આપી છે તેવો વેઠક પ્રશ્ન કર્યો હતો. તેને લઈને લોકોને ઘણી તાકલોફોનો સામનો કરવો પડે છે.

જયારે યશશ્વી રસાયણમાં આગ લાગી ત્યારે NGT દ્વારા એક કમિટી બેસાડવામાં આવી હતી. તેમાં સ્પષ્ટ જણાવાયું હતું કે લુવારા અને લખીગામના રહેણાંક વિસ્તારથી એક કિલોમીટરના વિસ્તારમાં કંપની સ્થાપવાની મંજૂરી આપવી ના જોઈએ. તો પછી આ કંપની અમારા ગામથી એક કિઓમીટર કરતા ઓછા અંતરે આવેલ છે. તો તેને કેમ મંજૂરી આપવામાં આવી રહી છે. કંપનીનું કહેવું હતું કે આ કેમિકલ પ્લાન્ટ નથી ફક્ત જેટી છે. પરંતુ જેટીમાં પણ હેઝાર્ડસ કેમિકલનું હેન્ડલિંગ થવાનું છે. GPCB એ જણાવ્યું હતું કે તેનો નિર્ણય ઉપરની ઑથોરિટી કરશે. અમે તમારા વિરોધનો રિપોર્ટ ઉપર મોક્લાવીશું. જો કે તેમના જવાબથી લોકોને સંતોષ થયો ન હતો.

એક સાથે પ્રશ્નો પૂછો એક સાથે છેલ્લે જવાબો આપવાની રીતથી અસરગ્રસ્તો ભારે નારાજ

લોક પર્યાવરણ સુનાવણીમાં લોકો પ્રશ્ન પૂછી જવાબ મેળવવાની આશા રાખતા હતા. પરંતુ GPCB ના પ્રાદેશિક અધિકારી અને નાયબ કલેક્ટરે એક વખત તમે બધા પ્રશ્નો પૂછી લો પછી એક સાથે જવાબ આપવામાં આવશે તેવો અભિગમ અપનાવતા લોકો ખુબ જ નારાજ થઈ ગયા હતા. કેટલાક લોકોએ પોતાની નારાજગી વ્યક્ત કરતા પ્રશ્ન પૂછવાનું છોડી દીધું હતું.

જો કે સામાન્ય રીતે લોક પર્યાવરણ સુનાવણીમાં લોકો પ્રશ્ન પૂછે તેના અનુસંધાને તરતજ જવાબ અપાતા હોય છે. જેથી કોઈએ પેટા પ્રશ્ન પૂછવો હોય તો પૂછી શકે. જો કે લોકપર્યાવરણ સુનાવણી ખુબ જ લાંબી સવા વાગ્યા સુધી ચાલી હોવાથી કેયાલય પ્રશ્ન પૂછનાર અસરગ્રતો જવાબ સાંભળવાની રાહ જોયા વગર સ્થળ છોડી ચાલ્યા ગયા હતા.

કંપનીની શાખના પ્રમાણમાં આસપાસના ગામોમાં ઝજીઇ ઓછું કરતા હોવાની ફરિયાદ

લોકોએ આવી પણ ફરિયાદ કરી હતી કે કંપની ખુબ મોટી જગ્યામાં વિસ્તરેલ છે. કંપનીની સરહદો કેટલાય ગામની ભાગોળોને સ્પર્શે છે. કંપનીનું અહીંનું ટર્નઓવર પણ ખુબ મોટું છે. કંપનીનો નફો પણ સારો છે. પરંતુ કંપની તેના પ્રમાણમાં ઝજીઇ માં ખુબ ઓછો ખર્ચ કરે છે. કંપનીએ એક હોસ્પિટલ બનાવી હતી. કંપની ધારત તો તે એકલા હાથે હોસ્પિટલ ચલાવવા માટે સક્ષમ હતી. પરંતુ હોસ્પિટલ બંધ થઈ ગઈ. આ તો સારું છે કે દિપક ગ્રૂપે જવાબદારી લીધી અને ફરીથી કાર્યરત થઈ. આ વિસ્તારમાં કંપનીએ CSR ના કરેલ કામો જણાવવા કહ્યું હતુ પરંતુ કંપની સચોટ જવાબ આપી શકી નોહતી.. કંપનીએ મહિલા સશક્તિકરણના ભાગરૂપે સિલાઈના ક્લાસ અને બ્યુટીપાર્લરના ક્લાસ ચલાવી સ્વરોજગારી માટે મહિલાઓને આત્મનિર્ભર બનાવતી હોવાની માહિતી આપી હતી.




























માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામઃ મંજુસર, તાલુકોઃ સાવલી, જિલ્લોઃ વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.
તંત્રીઃ જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002